ગુજરાતમિત્ર | બારડોલી-વ્યારા-ભરૂચ



જીઆઈડીસી આસપાસ ૫૦૦ મીટરનો સલામતી બફર ઝોન રાખવા સરકારમાં રજૂઆત

# અંકલેશ્વરમાં બફર ઝોન બનાવો

**રાસાયણિક** વસાહતોની નજીક નવી રહેણાક-વાણિજ્યિક પરમિશન પર નિયંત્રણની માંગ

**GDCRમાં** સલામતીને પ્રાધાન્ય આપવા એન.કે.નાવડિયાની રજૂઆત





પ્રવીણ તેરૈયા

**મુખ્ય માંગઃ** » GDCR નક્કી કરતી વખતે સ્થાનિક રહેવાસીઓની સલામતીને પ્રાધાન્ય આપો » રાસાયણિક ઔદ્યોગિક વિસ્તારોની આસપાસ સુરક્ષિત અંતર જાળવવાની જરૂરિયાત » કેમિકલ ઝોનની આસપાસ ૫૦૦ મીટરનો વિસ્તાર સલામતી બફર ઝોન તરીકે જાળવો » નવી રહેણાક કે વાણિજ્યિક બાંધકામની પરમિશન ન આપવાની માંગ છે » ૫૦૦ મીટરની મર્યાદામાં ૧.૬થી વધુ એફ.એસ.આઇ. મંજૂર નહીં કરો

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં રાસાયણિક ઉદ્યોગોની આસપાસ વસતી રહેણાક વિસ્તારોની સલામતીને ધ્યાનમાં રાખી ઓછામાં ઓછું ૫૦૦ મીટરનું અંતર 'નો મેન્સ લેન્ડ' અથવા સલામતી બફર ઝોન તરીકે જાળવવા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિઝ એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ એન.કે.નાવડિયા દ્વારા રાજ્ય સરકારના અર્બન ડેવલપમેન્ટ વિભાગ સમક્ષ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.

ઉપરાંત મોટા પ્લોટના વિભાજન અંગેની હાલની પ્રથાની સમીક્ષા કરી તેને નિયંત્રિત અથવા બંધ કરવાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે. રહેણાક, વાણિજ્યિક કે ઔદ્યોગિક હેતુ માટે ભવિષ્યમાં વિકાસ કરવામાં આવે ત્યારે દરેક માર્ગ પર યોગ્ય બિલ્ડિંગ કંટ્રોલ લાઇન જાળવવા પણ માંગ કરવામાં આવી છે.

## સાકરદા-કટાસવાણ રેલવે ક્રોસિંગ નં.65 બે દિવસ બંધ રહેશે

કુકરમુંડાઃ પશ્ચિમ રેલવેના નવાપુર સેક્શન હેઠળ આવતા ઉચ્છલ તાલુકાના સાકરદા/કટાસવાણ ખાતેના રેલવે લેવલ ક્રોસિંગ નં. 65 પર ટ્રેક અને સરફેસના તાત્કાલિક સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આ ક્રોસિંગ બે દિવસ માટે વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રહેશે. ક્રોસિંગ નં.65 પર તા. 3/9/2026થી તા.4/9/2026 દરમિયાન અર્જન્ટ રિપેરિંગ કામગીરી કરવામાં આવશે. આ કામગીરી દરમિયાન 3 સપ્ટેમ્બર-2026ની સવારે 7 વાગ્યાથી તા.4 સપ્ટેમ્બર 2026ના સાંજે 7 વાગ્યા સુધી ક્રોસિંગ સંપૂર્ણપણે બંધ રહેશે. વાહનચાલકોની સુવિધા માટે વાહનવ્યવહારને RUB (લેવલ ક્રોસિંગ નં. 66) તેમજ નવાપુર લેવલ ક્રોસિંગ નં.68 પરથી ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

## સરભોણની અલનુર સોસાયટીમાં દીપડો દેખાતાં રહીશોમાં ફફડાટ

**અચાનક** દીપડો સામે આવતાં ભાગદોડ, વડીલ પડી ગયા

બારડોલીઃ બારડોલીથી સરભોણ જતા માર્ગ પર આવેલી અલનુર સોસાયટીમાં ગઈકાલે રાત્રે આઠ વાગ્યાની આસપાસ પાણીની ટાંકી ચાલુ કરવા ગયેલા એક યુવાનની નજીક અચાનક દીપડો આવી ગયો હતો. દીપડાને જોઈને ગભરાઈ ગયેલા એ યુવાને બૂમો પાડીને ભાગવા માંડ્યું હતું, જેથી દીપડો પણ તેમની પાછળ દોડ્યો હતો. આ હોબાળો સાંભળીને ઘરના ઓટલા પર બેઠેલા એક વડીલ પણ બહાર જોવા ગયા હતા અને દીપડાને જોઈને ભાગવા જતાં પડી ગયા હતા.

બનાવની જાણ થતાં જ સામાજિક વનીકરણ રેંજ ઓફિસ અને 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડની ટીમ તાત્કાલિક અલનુર સોસાયટીમાં પહોંચી હતી. તપાસ દરમિયાન સોસાયટીની આસપાસના પડતર પ્લોટોમાં ઊગી નીકળેલી ઝાડી-ઝાંખરા, કમ્પાઉન્ડની દીવાલોની બખોલો અને નજીકમાંથી પસાર થતી મિંઢોળા નદીના કારણે દીપડો આ વિસ્તારમાં સહેલાઈથી આવી ગયો હોવાનું સામે આવ્યું હતું. ઘટનાની ગંભીરતા જોતાં વનવિભાગ દ્વારા તાત્કાલિક મારણ મૂકીને પાંજરું ગોઠવવામાં આવ્યું છે. આ સાથે સોસાયટીના રહીશોને સાવચેત રહેવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે, જેમાં સાંજે સાત વાગ્યા પછી નાનાં બાળકો અને વડીલોને ઘરની બહાર ન જવા દેવા તેમજ સંભવ હોય તો તે વિસ્તારમાં હેલોજન લાઈટની વ્યવસ્થા કરવા પણ જણાવવામાં આવ્યું છે.



ઈબ્રાહીમ કાનુ

## કોસંબા રેલવે સ્ટેશનના ગેટ નજીક ગંદકીના ઢગલા હટાવાયા

હથોડાઃ કોસંબા જંક્શન રેલવે સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વાર અને આસપાસના વિસ્તારમાં લાંબા સમયથી ગંદકીના મોટા ઢગલા ખડકાયેલા હતા. આ સ્ટેશનથી બિરલા કંપની સહિત વિવિધ ફેક્ટરીઓના દૈનિક મુસાફરો સતત અવરજવર કરે છે. એક તરફ સ્ટેશનનું નવીનીકરણ કરાયું છે, તો બીજી તરફ ગેટ પાસેની અસહ્ય દુર્ગંધથી મુસાફરો અને સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. બુધવારે આ ગંભીર બાબતે રેલવે સલાહકાર સમિતિના સદસ્ય બળવંત ઈશ્વરભાઈ પંચાલે રોગચાળો ફેલાય તે પહેલાં કચરો હટાવવા સ્ટેશન માસ્તર અને કોન્ટ્રાક્ટરને ઉગ્ર રજૂઆત કરી હતી. રજૂઆતના પગલે હરકતમાં આવેલા સ્ટેશન માસ્તર નીરજભાઈ અને કોન્ટ્રાક્ટર રત્નેશ ચૌધરીએ તાત્કાલિક સ્થળ પર પહોંચી જેસીબી કામે લગાડ્યું હતું. તંત્ર દ્વારા દુર્ગંધ મારતી ગંદકીનો નિકાલ કરાતાં મુસાફરો અને સ્થાનિક જનતાએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ઈખરની શાળાના બાળકને મારનારા શિક્ષક સામે ગુનો

ભરૂચઃ આમોદના ઈખર આદર્શ પ્રાથમિક શાળામાં શિક્ષકે ધોરણ-2માં ભણતા માસૂમ બાળકને પ્લાસ્ટિક પાઈપથી મારવાની ઘટના બન્યા બાદ આખો મુદ્દો પોલીસ ચોપડે પહોંચ્યો હતો. જ્યાં 8 વર્ષના માસૂમ બાળકને કથિત શિક્ષકે પ્લાસ્ટિકના પાઈપથી બેરહેમીથી માર માર્યો હતો. આ ઘટના બાદ આમોદ પોલીસમાં શિક્ષક મુબારક યુસુફ ભડ વોરા સામે ગુનો નોંધાયો હતો. સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સચિન શાહે તપાસના આદેશ આપતાં શાળાના શિક્ષકો, અન્ય વિદ્યાર્થીઓ અને વાલીઓના નિવેદન લીધા હતા. આ ઘટનાને ગંભીર લેખતાં શિક્ષક મુબારક વોરા કસૂરવાર જણાતાં તેને સસ્પેન્ડ કરવાનો હુકમ કરાયો હતો.

## ટંકારિયામાં ટોકનવાળી સ્માર્ટ 'જુગાર ક્લબ'માં LCB ત્રાટકી, 19 ઝડપાયા

**રોકડ,** મોબાઈલ અને ટોકન સાથે ૨.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત

ભરૂચઃ ભરૂચ LCBની ટીમે ટંકારીયા ગામમાં ચાલતા જુગારના અડ્ડા પર કાર્યવાહી કરીને 19 લોકોને ઝડપી લીધા છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, 17 મોબાઈલ ફોન, પ્લાસ્ટિકના ટોકન અને અન્ય સામગ્રી સહિત કુલ રૂ. 2,42,315નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

LCBને મળેલી બાતમી અનુસાર ટંકારીયા ગામના ગોડર સ્ટ્રીટ વિસ્તારમાં રહેતો રફીક સુલેમાન સાપા પોતાના જૂના મકાનમાં જુગારનો અડ્ડો ચલાવતો હતો. બહારથી લોકોને બોલાવીને તે જુગાર રમાડતો હતો. બાતમીને આધારે LCBની ટીમે જરૂરી વોરંટ અને પંચો સાથે મકાનમાં દરોડો પાડી 19 શંકાસ્પદને પકડી પાડ્યા હતા. મુખ્ય સંચાલક રફીક સાપા ખેલાડીઓ પાસેથી 500 રૂપિયા એન્ટ્રી ફી લેતો હતો. રોકડ જમા કરાવ્યા બાદ 20, 50, 100 અને 200 રૂપિયાના મૂલ્યના પ્લાસ્ટિકના ટોકન આપવામાં આવતા હતા. ઉપરાંત, દરેક ખેલાડી પાસેથી કલાક દીઠ 500 રૂપિયા ટેબલ ચાર્જ પણ વસૂલવામાં આવતો હતો. પોલીસે સ્થળ પરથી રૂ.1,16,815ની રોકડ, 17 મોબાઈલ ફોન, 151 પ્લાસ્ટિક ટોકન કોઈન, પ્લાસ્ટિક-સ્ટીલની ટોકરીઓ, પાથરણાં, જુગાર બોર્ડ અને પત્તાની કેટ મળી કુલ 2,42,315 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દરોડા દરમિયાન નાસભાગમાં યાવર હુસેન ઉર્ફે બાબામીયા ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર માટે રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અન્ય આરોપીઓમાં રફીક સુલેમાન સાપા, લતીફ ઈસ્માઈલ રબદા, ફિરોઝ અમીર શેખ, આસીફ કાસમ મલેક, હારૂન ઈબ્રાહીમ સુતરીયા, જીતેશ પરસોત્તમ માછી, ભીખા કેસુર વસાવા, અબ્દુલ રસુલ ભટ્ટી, મહેશ ભાઈલાલ માછી, હારૂન ઈસ્માઈલ બાલા, અયુબ ઈસ્માઈલ સીંધી, લતીફ અહમદ પટેલ, રસીદ ઈબ્રાહીમ લાલન, પીર મહમદ ફકીર મહમદ મલેક, સબ્બીર ઈબ્રાહીમ પટેલ, ફારૂક ઈસ્માઈ કાપડીયા, ઈમરાન ઈબ્રાહીમ લાલન અને સલીમ વલી લાલનનો સમાવેશ થાય છે. LCBએ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાયણમાં નેપાળી ચોકીદારનું મોત

સાયણઃ સાયણની સીમમાં આવેલા વિપુલ ચૌહાણના ફાર્મહાઉસમાં ચોકીદાર તરીકે ફરજ બજાવતા નેપાળના ગણેશ તેજકુંવર (ઉં.વ.૫૫)નું મોત નીપજ્યું છે. પ્રેશર અને સુગર વધી જતાં ચક્કર આવવાથી તેઓ પડી ગયા હતા, જેથી માથું દીવાલ સાથે અથડાતાં ગંભીર ઈજા થઈ હતી. હોસ્પિટલમાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં મગરનું બચ્ચું ઝડપાયું



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર-ભરૂચ રોડ પર ભૂતમામાની ડેરી નજીકથી વનવિભાગની ટીમે મગરનું બચ્ચું ઝડપી પાડ્યું હતું. મગરનું બચ્ચુ રોડ નજીકના વરસાદી કાંસમાં જોવા મળતા સ્થાનિકોમાં ચકચાર મચી હતી. વનવિભાગની ટીમે મગરના બચ્ચાને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી કબજામાં લીધું હતું.

### સેંગપુર ગામમાં દીપડો પાંજરામાં પુરાયો



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના સેંગપુર સહિત ભાદી, ખરોડ, અવાદર અને ઉછાલી વિસ્તારમાં સતત અવરજવર કરતા દીપડાના કારણે ભયનો માહોલ હતો. પશુઓ પર હુમલા અને રહેણાક પાસે દીપડો દેખાતાં સેંગપુરમાં વન વિભાગે પાંજરું ગોઠવ્યું હતું. આખરે દીપડો પાંજરે પુરાતાં લોકોએ રાહત અનુભવી હતી. તબીબી તપાસ બાદ દીપડાને જંગલમાં છોડવામાં આવશે.

### આમોદનો ચાર વર્ષથી ફરાર આરોપી ઝડપાયો



ભરૂચઃ ભરૂચની આમોદ પોલીસે કરોડો રૂપિયાની છેતરપિંડીના ચાર કેસમાં અદાલત દ્વારા દોષિત ઠરેલા અને ચાર વર્ષથી ફરાર યોગેન્દ્રસિંહ રાજ (રહે.,દાંડા)ને સુરતથી ઝડપી લીધો છે. તેની સામે વાગરા, આમોદ, કરજણ અને ભરૂચની વિવિધ અદાલતોમાં ચાર કેસ હતા. સુરત જેલમાં બંધ પિતાને મળવા આવેલા આરોપીને બાતમીના આધારે પકડી પાડી, કોર્ટના આદેશથી ભરૂચ સબજેલ હવાલે કરવામાં આવ્યો છે.

### અંકલેશ્વરમાં પિકઅપને અકસ્માત, એકનું મોત

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસીના ગદા સર્કલ નજીક હાઈડ બેરિકેટ સાથે પિકઅપ વાહન નં.(જીજે-૦૫-સીયુ -૪૪૫૧) અથડાતાં વાહનમાં પાછળ ઊભેલા ૧૯ વર્ષીય અમરજીતકુમાર શિવનાથ રામ નીચે પટકાતાં માથામાં ગંભીર હેમરેજ થયું હતું. આથી અંકલેશ્વર બાદ સુરતની હોસ્પિટલમાં ખસેડાતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતકની બહેન ઇન્દુકુમારીની ફરિયાદના આધારે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે પિકઅપ ચાલક રવિકુમાર મંડલ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### તવરા રોડ પર બે દુકાન બંધ કરાઈ

ભરૂચઃ ભરૂચ ડ્રગ્સ એન્ડ ફૂડ કંટ્રોલ વિભાગે ઝાડેશ્વરથી તવરા રોડ પર હાથ ધરેલા આકસ્મિક ચેકિંગ દરમિયાન 'ધ મેમ્બલ રીટેલ' અને 'માતંગી એન્ટરપ્રાઈઝ'માંથી લેવાયેલા પાણીનાં સેમ્પલ તપાસમાં નાપાસ થયાં છે. દૂષિત પાણીથી નાગરિકોના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થવાની શક્યતાને પગલે પોલીસે તાત્કાલિક બંને દુકાનો સીલ કરી વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. બાદમાં માતંગી એન્ટરપ્રાઈઝે નવો આર.ઓ. પ્લાન્ટ નાંખી નિયમોનું પાલન કર્યું હતું.

### આમોદમાં લોટરીના નામે ઓનલાઈન છેતરપિંડી

ભરૂચઃ ભરૂચના આમોદના જોશી ફળિયામાં રહેતા ૬૯ વર્ષીય ખેડૂત મહેશભાઈ પટેલને વોટ્સએપ પર અજાણ્યા નંબરેથી રૂ.૪.૯૭ કરોડની લોટરી લાગી હોવાની લાલચ આપી હતી. સાયબર ઠગે વિશ્વાસમાં લઈ ૨૬ દિવસમાં ગૂગલ પે દ્વારા રૂ.૨,૩૨,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. છેતરપિંડીની જાણ થતાં પુત્રએ ઈ-એફઆઈઆર કરી હતી, જેના આધારે આમોદ પોલીસે આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં કંપનીની પાણીની ટાંકીમાં પડી જતાં કામદારનું મોત

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત શ્રી મહાદેવ ઇન્ટરમીડિયેટ કંપનીમાં કામ કરતા જીતાલી ગામના ૪૦ વર્ષીય કામદાર કલ્પેશભાઈ વસાવા અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં અકસ્માતે પડી જતાં મોત નીપજ્યું હતું. બે દિવસની શોધખોળ બાદ ટાંકીમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવ અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડી અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે. કંપની સંચાલકોએ મૃતકના પરિવારને યોગ્ય વળતર આપવાની બાંયધરી આપી છે.

## તાતીથૈયામાં ડિગ્રી વિના ક્લિનિક ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો

**એલોપેથિક** દવાઓ, સિરિંજ અને મેડિકલ પ્રેક્ટિસને લગતાં સાધનો મળી આવ્યાં

પલસાણાઃ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ અ નુસાર તાતીથૈયા ગામની સોની પાર્ક-૨ શુકન રેસિડેન્સી ના મકાન નં.૪માં 'સિકદર ક્લિનિક' નામે એક દવાખાનું ધમધમી રહ્યું હતું. મેડિકલ પ્રેક્ટિસની કોઈ ડિગ્રી ન હતી. પોલીસે મેડિકલ ઓફિસરને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. દુકાનમાં તપાસ કરતાં ટેબલ પર હાજર ઈસમે પોતાનું નામ પ્રોસેન્જીત શંતા સિકદર (ઉં.વ.૩૬) (મૂળ રહે.,નાદીયા, પશ્ચિમ બંગાળ અને હાલ રહે.,પ્રિયંકા ગ્રીન સિટી, કડોદરા) હોવાનું જણાવ્યું હતું. આરોપી પાસે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું કોઈ રજિસ્ટ્રેશન કે માન્ય ડિગ્રી ન હતી અને તે માત્ર ધોરણ-૧૨ સુધી ભણેલો હોવાનું ખૂલ્યું હતું.

આરોપી પ્રોસેન્જીતે કબૂલાત કરી હતી કે, તે અગાઉ સુરતના પુણા પાટિયા વિસ્તારની હોસ્પિટલમાં બે વર્ષ સુધી કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતો હતો અને તે જ અનુભવના આધારે છેલ્લા ત્રણ વર્ષથી આ ક્લિનિક ચલાવી રહ્યો હતો. ક્લિનિકમાં તપાસ કરતાં પોલીસને અલગ-અલગ પ્રકારની એલોપેથિક દવાઓ, સિરિંજ અને મેડિકલ પ્રેક્ટિસને લગતાં સાધનો મળી આવ્યાં હતાં, જે તમામ મુદ્દામાલની કુલ કિં. રૂ.૧,૯૨૮ જેટલી થાય છે. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે પ્રોસેન્જીત સિકદર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી છે.

## મહુવા સુગરની ચૂંટણીમાં 'હિત રક્ષક પેનલ'ની એન્ટ્રી

**મેન્ડેટ** પ્રથાના વિરોધ સાથે ખેડૂતોએ ચૂંટણી શંખનાદ ફૂંક્યો



મેહુલ પટેલ

અનાવલઃ સાયણ સુગર કેમ્પસથી શરૂ થયેલી મેન્ડેટ પ્રથા વિરોધી ચળવળની આગ દક્ષિણ ગુજરાતની અન્ય સહકારી ફેક્ટરીઓ સુધી પહોંચી ગઈ છે. મહુવા સુગર ફેક્ટરીની આગામી ચૂંટણીને લઈને તાલુકાના મિયાપુર ગામે ખેડૂત અને સામાજિક આગેવાનો તેમજ સભાસદોની એક બેઠક યોજાઈ હતી, જેમાં 'મહુવા સુગર બચાવો હિત રક્ષક પેનલ'ને ચૂંટણી મેદાનમાં ઉતારવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ખેડૂત આગેવાનોએ સ્પષ્ટ કર્યું છે કે સહકારી સંસ્થાઓમાં સભાસદોની સ્વતંત્ર ઈચ્છા જ સર્વોપરી હોવી જોઈએ અને મેન્ડેટ પ્રથા સહકારી લોકશાહીના માળખાને નુકસાન પહોંચાડી રહી છે.

આ બેઠકમાં સહકારી અને ખેડૂત આગેવાન દર્શન નાયક ઉપરાંત 'હિત રક્ષક પેનલ'ના વિપુલભાઈ પટેલ, પરિમલ પટેલ, મિત્તલસિંહ ગરાસિયા, કુંજનભાઈ પટેલ, વિપુલ પટેલ, ગુલશનભાઈ પટેલ, સૂર્યકાંતભાઈ પટેલ, પ્રકાશભાઈ નાયકા, મણીલાલ ચૌધરી, દીપક પટેલ, મોહન રાઠોડ, નિખિલ વ્યાસ, સતીશ પાંડે, રિતેશ પટેલ અને આકાશ પટેલ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂતો અને સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા. આગામી દિવસોમાં મહુવા તાલુકાના તમામ ગામોને આવરી લઈને સંગઠનને વધુ મજબૂત બનાવવાની ચીમકી પણ આ બેઠકમાંથી આપવામાં આવી છે.

## ભરૂચને પહેલી વંદે ભારતની ભેટ મળી

ભરૂચઃ રેલવે મંત્રાલયે ભરૂચને સુરત-ઉદયપુર સિટી વચ્ચે દોડતી પ્રથમ વંદે ભારત એક્સપ્રેસનો સ્ટોપેજ આપવાની મંજૂરી આપી છે. ટ્રેન નં.૨૬૯૦૩/૨૬૯૦૪ હેઠળ આ ટ્રેન હવે ભરૂચ સ્ટેશને ઊભી રહેશે, જેનાથી દક્ષિણ ગુજરાતના મુસાફરોને રાજસ્થાન અને ઉત્તર ગુજરાત તરફ ઝડપી અને સુવિધાજનક કનેક્ટિવિટી મળશે. ટ્રેન નં.૨૬૯૦૩ (સુરત-ઉદયપુર): સુરતથી સવારે ૬:૧૦ કલાકે ઉપડશે. ભરૂચ ખાતે સવારે ૬:૫૧ કલાકે પહોંચશે. બાદ વડોદરા, આણંદ, મણિનગર, અસરવા, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને ઝાવર થઈને બપોરે ૧:૪૦ કલાકે ઉદયપુર સિટી પહોંચશે. ટ્રેન નં.૨૬૯૦૪ (ઉદયપુર-સુરત): ઉદયપુરથી બપોરે ૩:૩૫ કલાકે ઉપડશે, ભરૂચ ખાતે રાત્રે ૧૦:૧૦ કલાકે આવશે અને રાત્રે ૧૧ કલાકે સુરત પહોંચશે.

## માંડવી નજીક કેળાંની આડમાં દારૂ લઈ જતી પિકઅપ પલટી

**દારૂ** સાથે રૂ.૪.૭૦ લાખનો મુદ્દામાલ છોડી ચાલક ફરાર



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી પોલીસ મથક વિસ્તારમાં કેળાંની આડમાં વિદેશી દારૂ તેમજ બિયરનો મોટો જથ્થો ભરીને જઈ રહેલી એક બોલેરો પિકઅપના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં પલટી મારી ગઈ હતી. અકસ્માત બાદ અજાણ્યો ચાલક દારૂનો જથ્થો અને વાહન બિનવારસી હાલતમાં મૂકી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે સ્થળ પરથી દારૂ, બિયર, કેળાં અને વાહન મળી કુલ રૂ.૪,૭૦,૧૦૧નો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

માંડવી પોલીસને બાતમી મળી હતી કે, મહિન્દ્રા બોલેરો પિકઅપ નં.(GJ-13-AW-5501)માં કેળાંની આડમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને ઝંખવાવ-તરસાડા ચાર રસ્તા થઈ માંડવી તરફ લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે પંચોને સાથે રાખી તપાસ કરતાં વાંકલામાં કાકરાપાર ડાબા કાંઠા નહેરની બાજુમાં વ્યારાથી માંડવી તરફ જતા રોડના પશ્ચિમ સાઈડના વળાંક પાસે આ પિકઅપ રોડની સાઈડમાં પલટી ગયેલી હાલતમાં મળી આવી હતી. અકસ્માતને કારણે વાહનમાં ભરેલી કેળાંની લૂમો વેરવિખેર થઈ ગઈ હતી અને તેની નીચે છુપાવેલા દારૂનાં બોક્સ ફાટેલી હાલતમાં જોવા મળ્યાં હતાં. પોલીસે વાહનની તપાસ કરતાં કિં.રૂ.૨,૨૦,૧૦૧નો દારૂ તથા બોલેરો પિકઅપની કિં. રૂ.૨.૫૦ લાખની અને ૨૫૦ કિલો કેળાં રૂ.૬,૦૦૦ મળી કુલ રૂ.૪,૭૦,૧૦૧નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પિકઅપ ચાલક વાહન છોડી નાસી છૂટતાં માંડવી પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ આદરી હતી.

## ચોપડવાવમાં રાહત સંચાલકે તાળું મારી દીધું, અધિકારીઓએ તોડ્યું!

**મામલતદારના** દરોડામાં દુકાનદારની ગેરહાજરી, ગ્રામજનોમાં આક્રોશ

**તપાસ** દરમિયાન સરકારી દુકાનમાંથી ખાંડ અને તેલનો જથ્થો ગાયબ મળતાં ભારે ચર્ચા

સાગબારાઃ સાગબારાના ચોપડવાવ ગામના લોકોએ વ્યાજબી ભાવની દુકાનના સંચાલક સામે અનિયમિત અનાજ વિતરણ અને છેલ્લા બે મહિનાથી કુપનો ન આપવાની ગંભીર બાબતે સાગબારા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. ગ્રામજનોના અનાજના બબાલ બાદ મામલતદાર નીતિન મકવાણા અને નાયબ મામલતદારે આ મામલો ખૂબ જ ગંભીરતાથી લેતાં સીધા ચોપડવાવની સરકારી દુકાન ખાતે પહોંચી ગયા હતા.

તપાસ દરમિયાન જોવા મળ્યું કે, દુકાનદાર દિનેશ ભરતભાઈ વળવીએ દુકાનને તાળું મારી દીધું હતું અને તેઓ સૂચક ગેરહાજર જોવા મળ્યા હતા. એ જોઈ ગ્રામજનો અવાક થઈ ગયા હતા. જોકે, સરકારી અધિકારીઓએ તાત્કાલિક દુકાનનું તાળું તોડીને ત્યાં ઉપલબ્ધ અનાજના જથ્થાની તપાસ હાથ ધરી હતી. તપાસમાં ઘઉં, ચોખા અને જુવાર સહિતનો થોડો જથ્થો તો મળી આવ્યો, પરંતુ ખાંડ, તેલ, દાળ, બાજરી, ચણા તેમજ અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો કોઈ જથ્થો જોવા ન મળતાં ગ્રામજનોએ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું કે, સરકાર ગરીબ અને આદિવાસી પરિવારો માટે જે અનાજ આપે છે, તે જો લાભાર્થીઓ સુધી ન પહોંચે તો તેની જવાબદારી કોની? ગ્રામજનોએ માંગ કરી છે કે આ મામલે યોગ્ય તપાસ કરીને દુકાનદારનું લાઈસન્સ તાત્કાલિક રદ કરવામાં આવે. હાલ મામલતદારે વધુ કાર્યવાહી કરવા ભરોસો આપ્યો છે, જ્યારે ગ્રામજનો આંદોલનની તૈયારીમાં કરી હતી.